# પ્રધાનમંત્રીએ કઝાકિસ્તાન, કિર્ગિઝ ગણરાજ્ય, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાનના વિદેશ મંત્રીઓ સાથે મુલાકાત કરી

06 જૂન, 2025

1. કઝાકિસ્તાન ગણરાજ્ય, કિર્ગિઝ ગણરાજ્ય, તાજિકિસ્તાન ગણરાજ્ય, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાનના વિદેશ મંત્રીઓએ આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાથે સંયુક્ત મુલાકાત કરી હતી.

2. મંત્રીઓને પ્રધાનમંત્રીને ગત દિવસોમાં નવી દિલ્હીમાં આયોજિત 4થી ભારત-મધ્ય એશિયા સંવાદ દરમિયાન થયેલ સકારાત્મક અને ઉપયોગી ચર્ચા વિશે માહિતી આપી.

3. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, મધ્ય એશિયાઈ દેશો સાથેના સંબંધો હંમેશા ભારત માટે મુખ્ય પ્રાથમિકતા રહી છે. આપણા ઐતિહાસિક લોકો-થી-લોકોના સંબંધોના મજબૂત પાયા પર આધાર રાખીને વધુ આર્થિક સંપર્કો, વિસ્તૃત કનેક્ટિવિટી, સંરક્ષણ અને સુરક્ષા સહકારને વધારવો અને નવા અને ઉભરતા ક્ષેત્રોમાં વ્યાપક સહયોગ માટે પોતાના દ્રષ્ટિકોણને શેર કર્યો.

4. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત-મધ્ય એશિયાની મજબૂત ભાગીદારી સહિયારા પ્રાદેશિક અને વૈશ્વિક પડકારોનો સામનો કરવામાં એક શક્તિ ગુણક તરીકે કાર્ય કરે છે.

5. મધ્ય એશિયાના વિદેશ મંત્રીઓએ પહલગામમાં 22 એપ્રિલ 2025 ના આતંકવાદી હુમલાની સખત નિંદા કરી અને સીમા પાર આતંકવાદ સામે ભારતની લડાઈ માટે તેમનું સમર્થન વ્યક્ત કર્યું.

6. પ્રધાનમંત્રીએ ભારતમાં યોજાનાર બીજા ભારત-મધ્ય એશિયા શિખર સંમેલન માટે તમામ મધ્ય એશિયાઈ દેશોના નેતાઓને આમંત્રણ આપ્યું.

નવી દિલ્લી

06 જૂન, 2025